વુમન્સ વર્લ્ડ

# દુનિયાની પ્રથમ મિસ AI બ્યૂટી પેજન્ટ


AI એટલે કે આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ ધીરે ધીરે આપણી રોજિંદી જિંદગીનો ભાગ બનતો જાય છે. થોડા સમય પહેલાં ઘણાં લોકો એનાથી અજાણ હતા. હવે સોશ્યલ મીડિયા પર પણ AIનો કબજો વધતો જાય છે. સોશ્યલ મીડિયા પર પણ હવે AI ઈન્ફલુએન્સરનું મહત્ત્વ વધી રહ્યું છે.

અત્યાર સુધી તમે મિસ વર્લ્ડ અને મિસ યુનિવર્સ જેવી બ્યૂટી પેજન્ટ કન્ટેસ્ટ વિશે સાંભળતાં આવ્યા હશો પરંતુ હવે બદલાતી દુનિયા સાથે આ કોમ્પિટિશન પણ બદલાતી જાય છે. ટૂંક સમયમાં જ દુનિયાની પહેલી આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ બ્યૂટી પેજન્ટ આયોજિત થશે. તેમાં આર્ટિફિશ્યલ મોડેલ એકબીજા સાથે સ્પર્ધા કરશે. આ હરીફાઈ માટે 14 એપ્રિલથી એન્ટ્રી શરૂ કરવામાં આવી હતી. આ સ્પર્ધામાં 20000 ડોલર એટલે કે લગભગ 16 લાખ રૂપિયા પુરસ્કાર આપવામાં આવશે.



આ સ્પર્ધામાં ફેનવ્યૂ પણ સામેલ થશે. આ એક મેમ્બરશીપ બેઝ્ડ પ્લેટફોર્મ છે જે વર્લ્ડ AI ક્રિએટર એવોર્ડ્સ (WAICA)ના પાર્ટનર તરીકે વર્ચ્યુઅલ મોડેલ હોસ્ટ કરે છે. જે રીતે મીસ વર્લ્ડ અને મીસ યુનિવર્સમાં મોડેલ નક્કી કરવા માટે માપદંડ છે એ જ રીતે AI મોડેલને એના ટેકિનકલ કૌશલ, સોશ્યલ મીડિયા ફોલોઈંગ અને ઓનલાઈન કમાન્ડને આધારે વિજેતા તરીકે પસંદ કરવામાં આવશે.

WAICAના જણાવ્યાનુસાર આ મોડેલ્સનું મૂલ્યાંકન તેમની સુંદરતા, ફેન ઈન્ટરેકશન રેટ, ઓડિયન્સ ગ્રોથ રેટ અને પ્લેટફોર્મ યુઝના આધારે થશે. AI મોડેલનું 4 જજોની પેનલ દ્વારા મૂલ્યાંકન થશે. એમાં AI જનરેટેડ જજ પણ સામેલ છે.



તા. 10મી મેએ વિજેતા જાહેર કરવામાં આવશે. એને 5000 ડોલરનો રોકડ પુરસ્કાર તથા ફેનવ્યૂ પ્લેટફોર્મ પર પ્રમોશન આપવામાં આવશે. આ ઉપરાંત 5000 ડોલરથી વધુના PR સપોર્ટર આપવામાં આવશે. બીજા, ત્રીજા ક્રમે આવનાર મોડેલ્સને પણ પુરસ્કાર આપવામાં આવશે.

કોઈ પણ ક્રિયેટર જે એક AI મોડેલને હેન્ડલ કરતા હોય તે આ કોમ્પિટિશન માટે રજીસ્ટ્રેશન કરાવી શકે છે. એના માટે પણ કેટલીક શરતો છે. ક્રિયેટર સોશ્યલ મીડિયા પર હોવો જોઈએ અને એની ઉંમર 18 વર્ષની હોવી જોઈએ.





# હાથ નથી તો પણ ચલાવે છે કાર

ભગવાન ક્યારેક કોઈકને ખોડખાંપણ આપે છે. અભાવમાં રહેનાર ખોડખાંપણવાળી વ્યકિત બે રીતે પોતાની જિંદગી જીવી શકે છે. પહેલી એ કે તે પોતાની સ્થિતિ પર રડતી રહે અને એમાંથી નીકળવાની કોશિશ જ ન કરે અને બીજી એ કે એ પોતાને એટલા મજબૂત બનાવે કે એનું સાહસ, હિંમત એને જિંદગી આનંદથી વિતાવવામાં મદદ કરે.

આવી જ જિંદગી કેરળની 33 વર્ષીય મહિલા જીવે છે જેની પાસે હાથ નથી પરંતુ આ ઊણપને તેણે પોતાની જિંદગી પર હાવી થવા નથી દીધી. તે હાથ વગર પણ કાર ચલાવે છે અને એ પણ ખૂબ સારી રીતે.

આ મહિલા છે જિલુમોલ મેરિયટ થોમસ. એ કેરળની રહીશ છે અને એ હાથ વગર કાર ચલાવે છે અને એણે ડ્રાઈવિંગ લાઈસન્સ પણ લીધું છે. બાળપણથી જ એના હાથ નથી એટલે એણે લખવાથી માંડી કાર ચલાવવા સુધીનાં તમામ કામ પગેથી કરવાની કળા શીખી લીધી છે. એ કઈ રીતે ડ્રાઈવીંગ કરતી હશે એ જાણવાનું લોકોને કુતૂહલ અને આશ્ચર્ય થાય છે. આવાં લોકો માટે એણે એ કાર ડ્રાઈવ કરતી હોય એવો વીડિયો પોસ્ટ કર્યો છે. વીડિયોમાં એ પગથી કાર ડ્રાઈવ કરતી દેખાય છે. એનો જમણો પગ સ્ટીયરીંગ પર અને ડાબો પગ કલચ, બ્રેક અને એકસલરેટર પર છે. એ પગથી જ ગિયર બદલે છે. એના આ વાયરલ વીડિયોને 68 લાખ વ્યૂઝ મળ્યા છે. લોકો એને પ્રેરણાસ્ત્રોત માની એને પ્રોત્સાહન આપે છે. તો કેટલાક રોડ પર એનું કાર ચલાવવું જોખમી માને છે.

થોમસ કોચીમાં એક લીડીંગ પબ્લિશીંગ હાઉસમાં ગ્રાફિક ડિઝાઈનર તરીકે કામ કરે છે. થોમસ હાથ વગર લાઈસન્સ મેળવનાર ફર્સ્ટ એશિયન વુમન છે. અનેક મુશ્કેલીનો સામનો કરી છ વર્ષ સુધી રાહ જોયા બાદ તેને ડ્રાઈવિંગ લાઈસન્સ મળ્યું છે.

વાચક ભાવ-પ્રતિભાવ

## ગરમીમાં સ્વાસ્થ્યનું ધ્યાન રાખો

મુખપૃષ્ઠ છબી ખૂબ સરસ રહી. બૈસાખી પર્વ ભારતના પંજાબ પ્રાંતમાં ધૂમધામથી ઉજવાય છે પણ હવે તો સુરતમાં આવેલા અને તે પણ વર્ષોથી સ્થાયી થયેલા પંજાબી પરિવારો અહીં પણ ધૂમધામથી આ પર્વ ઉજવે છે. તેમનો પ્રતિભાવ 'સન્નારી'એ સરસ રીતે વાચકો સમક્ષ પીરસ્યો છે. 'વુમન્સ વર્લ્ડ'માં તો ભાઈ સદા અવનવું પીરસાય છે. બાર્બી ડોલ જેવા દેખાવા 43 સર્જરી કરાવી. બાપ રે બાપ! છે ને વિજ્ઞાનની કમાલ! ગરમીમાં મેકઅપ કરવો એ પણ એક સૂઝબૂઝનું કામ છે. એવો મેકઅપ કરવો કે જે પરસેવામાં પાણી પાણી ન થઈ જાય! સરસ ટિપ્સ આપી છે. વાહ! ભયંકર ગરમીમાં સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું પણ જરૂરી છે. કુદરતી મોસમ સાથે કુદરતનો જ સહારો લઈએ તો આપણે સ્વાસ્થ્યને સાચવી શકીએ. ફળોનો રાજા કેરી છે પણ કાચી કેરીનો ઉનાળામાં પન્નું બનાવીને ઉપયોગ કરીએ તો ગરમીમાં લૂથી બચી શકાય. લસ્સી, છાશ, ફળોનો રસ, ખાટાંમીઠાં ફળો આ બધું જ ગરમીથી રક્ષવા પૂરતું છે. તકમરિયાં પણ ઠંડક આપે છે. લીંબુપાણી તો સર્વેસર્વા છે અને લાલચટક તરબૂચ, મીઠીમધ ટેટી, નાનકડી પણ મીઠી દરાખ અહાહા ઠંડકનો સ્ત્રોત છે. સૌએ આ ફળોનો ઉપયોગ કરવો જોઈએ અને ગરમીને બાય બાય કરવું જોઈએ. 'ઊઘડતી ક્ષિતિજ'માં બાળકો વિશે માનસિકતા સૌને સમજાવી છે અને જો કળા તમારી પાસે કુદરતે આપેલી હોય ને તો એનો ઉપયોગ કોઈ પણ રીતે થવો જોઈએ. જેથી એનો લાભ સૌને મળે. હવે તો આર્કિટેકટ થઈ ઘરોને સજાવવાનું કામ આ કલાધરો કરી રહ્યા છે. સોલ કઢી તાજા નારિયેળનું પીણું છે. ગુણવર્ધક અને સ્વાદિષ્ટ પણ ખરું. 'જીવન સરગમ' કહે છે સંજોગોને નહિ પણ સ્વયંને બદલીએ વાહ!

- જયા રાણા (સુરત)



## મોબાઇલ અને બ્યૂટી પ્રોડક્ટ્સ પાછળ યુવતીઓના અમાનુષી ખર્ચાઓ

13મી એપ્રિલના અંકમાં બ્યૂટીફુલ દેખાવા પાછળ છોકરીઓ જે ખર્ચા કરે છે એની ગંભીર નોંધ સંપાદકે લીધી છે. આજની યુવતીઓ મોબાઈલ અને કોસ્મેટીકસ પાછળ મહિને સરેરાશ રૂ.6000નો મસમોટો ખર્ચ કરે છે. મહિનેદાડે માંડ 30-40 હજાર કમાનાર પેરેન્ટસ બિચારાં દીકરીઓને ભણાવે કે એમના કોસ્મેટીકસ વગેરેના ખર્ચાઓ ઉઠાવે કે પછી ઘર ચલાવે??? સુંદર દેખાવાનો હર કોઈ છોકરીનો મનસૂબો હોય જ અને એ સમજી શકાય એવી બાબત છે. પણ બ્યૂટીફુલ દેખાવા માટે જે ખર્ચાઓ કરવામાં આવે છે એ મોટે ભાગે પેરેન્ટસની આર્થિક શકિત બહારના ખર્ચાઓ હોય છે. લગ્ન અન્ય બહેનપણીના હોય અને એની સહેલી લગ્નમાં બ્યૂટીફુલ દેખાવા માટે પાર્લરમાં 40-50 હજાર રૂપિયા ખર્ચી નાંખે, એવા હવે ઘેર ઘેર બનાવો બનતા હોય છે. આવા બેફામ ખર્ચા કરવામાં માનતી યુવતીઓ, પેરેન્ટસની સ્થિતિનો ઝાઝો વિચાર કેમ નહિ કરતી હોય??? અરે હવે તો હાઈસ્કૂલે જનાર છોકરીઓ, શાળાએ જતાં પહેલાં અડધો કલાક કે તેથી વધુ સમય બગાડીને ચહેરાની ટાપટીપ કરતી હોય છે. કોલેજમાં જતી યુવતીઓ તો પોતાના પર્સમાં લિપસ્ટિક, પાવડર અને સેન્ટ જેવી પ્રોડકટસ રાખતી હોય છે. બ્યૂટીફુલ દેખાવા માટે આવો અતિરેકભર્યો અભિગમ ખાસ કરીને મિડલ કલાસમાંથી આવતી યુવતીઓ માટે દરેક વખતે ઠીક તો નથી જ. પેરેન્ટસની આર્થિક સ્થિતિને યુવતીઓએ નજર અંદાજ કરવી નહિ જોઈએ. વાત છેલ્લે એ જ છે કે સુંદર દેખાવાનો પ્રત્યેક યુવતીઓનો કુદરતી અધિકાર છે પણ એ સૌંદર્ય પાછળ સમય અને પૈસાનો અમાનુષી બગાડ કેટલો યોગ્ય ઠરે છે એનો વિચાર એમણે અવશ્ય કરવો રહ્યો.



- બાબુભાઈ નાઈ (સુરત)